૨૬ જાન્યુઆરી, ૨૦૧૫, સોમવાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૧૩ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરની સ્નેહા આજે દિલ્હીમાં પરેડનું નેતૃત્વ કરશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરની પ્રથમ ફ્લાઈટ લેફ્ટન્ટન્ટ સ્નેહા શેખાવત આજની સ્વાતંત્ર્ય દિન પરેડમાં એરફોર્સના મહિલાદળનું નેતૃત્વ કરશે.



૨૦૧૨માં પણ સ્વાતંત્ર્ય દિન પરેડમાં સંરક્ષણ દળોનું નેતૃત્વ કર્યા બાદ હવે ૨૦૧૫માં તે વધુ એક વખત ગાંધીનગરની ગૌરવ બની સ્નેહા શેખાવત બીજીવાર એરફોર્સ મહિલાદળની ટીમનું નેતૃત્વ કરશે.

સ્વાતંત્ર્ય પરેડમાં આ વખતે સરંક્ષણ દળોની મહિલાઓ પણ ભાગ લેનાર છે. તેમાં એરફોર્સની મહિલા દળનું નેતૃત્વ કરશે એટલે કે પરેડ કમાન્ડીંગ કરશે ગાંધીનગર, ગુજરાતની દીકરી ફ્લાઈટ લેફ્ટેનન્ટ સ્નેહા શેખાવત. તેણે આ પહેલાં ૨૦૧૨ની સ્વાતંત્ર્ય દિન પરેડમાં એરફોર્સની ૧૪૪ પુરૂષો અને ચાર મહિલાઓના સંયુક્ત દળનું નેતૃત્વ પણ કરેલ હતુ અને તે સાથે ભારતના ઈતિહાસમાં તેણે સંરક્ષણ દળોનું સ્વાતંત્ર્ય દિન પરેડમાં નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. આ વખતે અમેરિકાના પ્રેસિડેન્ટની હાજરીમાં થનાર સ્વાતંત્ર્ય દિન પરેડમાં પુનઃ નેતૃત્વ સંભાળશે.

સ્નેહા શેખાવતનો જન્મ ગાંધીનગર ખાતે ૧૯૮૫માં થયો હતો અને માધ્યમિક કક્ષા સુધીનો અભ્યાસ પણ ગાંધીનગર ખાતેની કડી હાઈસ્કૂલમાંથી કર્યો હતો. ફીઝીક્સ અને ગણિત સાથે બી.એસસી. થયા પછી ૨૦૦૭માં દહેરાદુન ખાતેના સર્વિસ સિલેક્શન બોર્ડમાં ઉમેદવારી કરી હતી. ત્યાં સાત દિવસની જુદી જુદી કસોટીઓમાંથી પસાર કરીને ૨૦૦ ઉપરાંતની ભારતભરની બહેનોમાંથી ફક્ત બે બહેનોની પસંદગી કરવામાં આવી હતી. તેમાંની એક હતી સ્નેહા શેખાવત. જે પ્રથમ પ્રયત્ને જ પસંદ થઈ હતી. જ્યારે બીજી ઉમેદવાર પંજાબની ગિતિકા ત્રીજા પ્રયત્નેપસંદ થવા પામી હતી. જે પછીથી તાલીમ દરમ્યાન તાલીમી વિમાન તુટી પડતાં અવસાન પામી હતી.

બે વર્ષ માટે હૈદ્રાબાદ અને બેંગલોર ખાતે સઘન તાલીમ લીધા પછી ૨૦૦૯માં તેને દિલ્હી પાસેના હિન્ડન એરફોર્સ સ્ટેશન ખાતે ફ્લાઈંગ ઓફિસર તરીકે નિમણૂંક મળી હતી. ૨૦૧૨માં તેને ફ્લાઈટ લેફટેનન્ટ તરીકે બઢતી મળી હતી. ૨૦૧૨માં સ્વાતંત્ર્ય દિન પરેડમાં સરંક્ષણ દળોનું નેતૃત્વ કરનારી પ્રથમ મહિલા બનવાનું ગૌરવ પ્રાપ્ત કરવા ઉપરાંત તેના નેતૃત્વ હેઠળ એરફોર્સને બેસ્ટ પરેડની ટ્રોફી પણ મળી હતી.

સ્નેહાના પિતા શ્રી મહાવીરસિંહ શેખાવત ગુજરાતના સચિવાલય સંવર્ગના અધિકારી હતા અને છેલ્લે ૧૦ વર્ષથી રાજ્યપાલશ્રીના ઉપસચિવ તરીકે સેવા આપ્યા પછી ૨૦૧૩માં નિવૃત થયેલ છે અને હાલમાં વિકલાંગો માટેના 'પંગુમિત્ર' માસિક તેમજ અન્ય એક 'ક્ષત્રિય સંઘ શક્તિ' માસિકના સંપાદકની સેવા બજાવે છે. સ્નેહાના નાનાશ્રી શ્રીતનસિંહજી રાજસ્થાનના બાડમેર વિસ્તારના સંસદ સભ્ય હતા જેઓએ પ્રજાનું રક્ષણ કરવાની ભાવના રાખે તેવા ક્ષત્રિયો અને ક્ષત્રાણીઓ તૈયાર કરવા માટે શ્રી ક્ષત્રિય યુવક સંઘ નામની સંસ્થાની ૧૯૪૬માં સ્થાપના કરી શિબિરોના કાર્યક્રમો દ્વારા યુવક-યુવતીઓને તૈયાર કરવાની ઝુંબેશ શરૂ કરી હતી. સ્નેહાએ આવા ૧૫ ઉપરાંત શિબિરો કર્યા હતા. તેથી તેમાંથી દેશદાઝની પ્રેરણા અને ક્ષાત્ર ધર્મનાગુણો કેળવવાની તાલીમ મેળવી ૧૨મું પાસ કર્યા પછી એરફોર્સમાં પાઈલોટ બનવાની તૈયારીમાં લાગી ગઈ હતી. જે ધ્યેય પ્રાપ્ત કર્યા પછી પણ તેમાં ઘણી ઉંચાઈ સુધી પહોંચી અન્ય બહેન દીકરીઓને પ્રેરણા આપી રહી છે. સ્નેહાના લગ્ન ૨૦૧૧માં સ્કવોડ્રન લીડર સૌરભસિંહ સાથે થયેલ છે અને બંને હાલમાં ગુજરાતના વડોદરા કાતેના એરફોર્સસ્ટેશનમાં બે વર્ષથી સેવા બજાવે છે.

# રાજ્યના પાંચ મહાનુભાવો પદ્મ પુરસ્કારથી સન્માનિત

ગાંધીનગર, તા. ૨૫

ભારત સરકારે આજે સહિત ગુજરાતના પાંચ મહાનુભાવોને પદ્મ પુરસ્કારોથી સન્માનિત કરાયા છે.



પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ પદ્મ પુરસ્કારોની ઘોષણા કરી છે. તેમાં ગાંધીનગરના સાંસદ અને પૂર્વ નાયબ વડાપ્રધાન શ્રી લાલકૃષ્ણ અડવાણી

જાણીતા સાહિત્યકાર શ્રી ગુણવંત શાહ, હાર્ટ સ્પેશ્યાલીસ્ટ ડૉ. તેજસ પટેલ, કિડની ઈન્સ્ટીટ્યૂટના ડૉ. એચ.એલ. ત્રિવેદી, હાસ્ય સાહિત્યકાર તારક મહેતાનો સમાવેશ થાય છે.

ગાંધીનગરના સાંસદ શ્રી લાલકૃષ્ણ અડવાણીને પદ્મ વિભૂષણથી સન્માનિત કરાયા છે. પદ્મ વિભુષણ મેળવનારાઓમાં ફિલ્મોના મહાનાયક અમિતાભ બચ્ચન, દિલીપકુમારનો પણ સમાવેશ થાય છે.

આ ઉપરાંત ગુજરાત કેડરના પૂર્વ સનદી અધિકારી અને પૂર્વ ચૂંટણી કમિશનર શ્રી એન. ગોપાલસ્વામીને પદ્મ પુરસ્કારથી સન્માનિત કરાયા છે.

# જિલ્લામાં સ્વાઈન ફ્લુનો પ્રથમ કેસ મળ્યો

## કલોલના પંચવટી વિસ્તારમાં ૫૨ વર્ષીય પુરૂષ દર્દીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ : તંત્ર એલર્ટ : સર્વેલન્સના આદેશો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષનો પ્રથમ સ્વાઈન ફ્લુનો કેસ આજે નોંધાયો છે. કલોલ શહેરના પંચવટી વિસ્તારમાં આ કેસ નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે ૫૨ વર્ષીય આધેડ આ દર્દીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જેના બ્લડ અનો સીરમની તપાસ કરતાં એચ-૧ એન-૧ પોઝીટીવ આવ્યો છે. હાલ દર્દીની તબિયત સારી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

કલોલના પંચવટી વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવાના આદેશો જારી કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાની આસપાસના જિલ્લાઓમાં જે સ્વાઈન ફ્લુના કેસો નોંધાતા રહ્યા છે તેને ધ્યાને રાખી તંત્રને સતર્ક રહેવા આરોગ્ય વિભાગે સૂચવ્યુ હતુ. ગઈકાલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ સ્વાઈન ફ્લુને લઈ તબીબોને માર્ગદર્શક સૂચનાઓની એક શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૫૦ થી વધુ કેસ સ્વાઈન ફ્લુના નોંધાઈ રહ્યા છે. હવામાનમાં સતત થઈ રહેલા ફેરફારો અને કમોસમી વરસાદ તેમજ ધુમ્મસ ઉપરાંત ઠંડીનું વધતુ જતુ જોર આ રોગને વધુ સાનુકૂળ હોવાનું મનાઈ રહ્યું છે.

જિલ્લામાં નોંધાયેલ પ્રથમ કેસને પગલે આજે જ તંત્રએ પુનઃ એકવાર તમામ તબીબી અધિકારીઓને સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તેમજ સ્વાઈન ફ્લુનો શંકાસ્પદ કેસ જણાય તો પણ તાબડતોબ જિલ્લા તંત્રનો સંપર્ક સાધવા જણાવાયુ છે. જિલ્લામાં દવાનો પુરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યું છે.

**ગાંધીનગર સમાચાર**

**અંક બંધ**

આજે પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૨૭-૧-૨૦૧૫ને મંગળવારનો અંક પ્રગટ થશે નહિં. જેની વાંચક, વિતરક અને વિજ્ઞાપનદાતા પરિવારોને નોંધ લેવા વિનંતી. - વ્યવસ્થાપક










